# એક માસ બાદ પણ ઉત્તરાખંડ સરકાર લાચાર

દહેરાદૂન, તા. ૧૬

ઉત્તરાખંડમાં ગત ૧૭ જૂને આવેલા જળ પ્રલયથી થયેલી બરબાદીને એક માસનો સમય પસાર થઇ ચુક્યો છે પરંતુ હજુ પણ રાજ્યમાં પરિસ્થિતિ 'જૈસે થે'ની છે. રાજ્ય સરકાર સમક્ષ પ્રભાવિત વિસ્તારોમાં રાહત સામગ્રી પહોંચાડવાની એકમાત્ર સમસ્યા નથી. આ સિવાય રાજ્ય સરકાર ૫૭૪૮ ગુમ થયેલા લોકોની શોધ, વળતર, આર્થિક સહાય, રાહત સામગ્રી પહોંચાડવી, કેદારનાથ માંથી મૃતદેહોને બહાર કાઢવા, કાટમાળ સાફ કરવો, પુનર્વાસ તથા પુનઃનિર્માણ કરવું તથા ચાર ધામની યાત્રા ફરીથી શરૂ કરાવવી જેવી ઘણી સમસ્યાનો સામનો કરી રહી છે.

આજથી બરાબર એક મહિના અગાઉ ૧૫, ૧૬ જૂને ઉત્તરાખંડમાં થયેલા મુશળધાર વરસાદ બાદ ૧૭ જૂને કેદારનાથ તથા આસપાસનાં વિસ્તારમાં જળપ્રલયની સ્થિતિ ઉભી થઇ ગઇ હતી. આ કુદરતી આફતમાં સરકારી આંકડા અનુસાર લગભગ ૫૮૦ લોકો મૃત્યુ પામ્યા હતા અને હજારો લોકોને ઈજા પહોંચી હતી. તેમજ લાખો લોકો ફસાઇ ગયા હતા.

કેન્દ્ર સરકારે પરિસ્થિતીની ગંભીરતા સમજીને ફસાઇ ગયેલા લોકોને બચાવવા માટે સેનાની મદદ લીધી હતી. ભારત-તિબેટ સીમા પોલીસ અને રાષ્ટ્રીય આપદા પ્રતિક્રિયા દળ (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ)નાં જવાનોની મદદથી લગભગ ૧ લાખ ૧૭ હજાર લોકોને ચારધામની યાત્રાનાં વિસ્તારમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. બચાવ કાર્ય દરમિયાન લગભગ વાયુ સેનાનાં ૨૦ કર્મચારીઓએ પોતાનાં જીવ ગુમાવવા પડ્યા હતા.

શરૂઆતનાં બે-ત્રણ દિવસમાં આપદાની ગંભીર પરિસ્થિતીનું મુલ્યાંકન કરવા તથા અસરકારક પગલા ભરવામાં સરકાર દ્વારા થયેલી ચુકને કારણે સરકારે વિરોધ પક્ષની આલોચનાનો સામનો કરવો પડ્યો હતો. રાજ્યનાં મુખ્યમંત્રી વિજય બહુગુણાએ આ બાબતનો સ્વિકાર કરતા જણાવ્યું હતું કે તેમની સરકાર ઉત્તરાખંડમાં દરરોજ નવા-નવા પડકારો સામે ઝઝુમી રહી છે. રાજ્યને કેન્દ્ર સરકાર તથા અન્ય રાજ્ય સરકાર તરફથી ભરપુર આર્થિક સહાયતા મળી રહી છે. વડાપ્રધાન મનમોહનસિંહે કુદરતી આપદા બાદ તુરંત જ ઉત્તરાખંડ માટે એક હજાર કરોડ રૂપિયાનું



વિશેષ પેકેજ જાહેર કરી દીધું હતું.

સરકારને એશિયાઇ વિકાસ બેંક તથા અન્ય સંસ્થાઓ તરફથી છથી સાત હજાર કરોડ રૂપિયા મળવાની આશા છે. પુનર્વાસનાં મામલે રાજ્યનાં કેબિનેટ મંત્રી યશપાલ આર્યનું માનવું છે કે રાજ્યમાં લગભગ ૨૪૦ ગામનાં પુનર્વાસની જરૂર છે. આ માટેનો એક પ્રસ્તાવ કેન્દ્રને મોકલવામાં આવ્યો છે. આ સિવાય સંપૂર્ણપણે તુટી પડેલા માર્ગોનું પુનઃનિર્માણનું કાર્ય પણ એક પડકાર છે. કેન્દ્રએ તાજેતરમાં સીમાસડક સંગઠન (બીઆરઓ)ને આ કાર્ય માટે ત્રણ હજાર કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો છે. ગઢવાલની આર્થિક કરોડરજ્જુ ગણાતી ચારધામની યાત્રા પુનઃ શરૂ કરવાનું કાર્ય સરકારની સૌથી પહેલી પ્રાથમિક્તા છે. આ અંગે મુખ્યમંત્રી બહુગુણાએ વિશ્વાસ અપાવ્યો છે કે ૩૦મી સપ્ટેમ્બર પહેલા કેદારનાથ સિવાય અન્ય ત્રણ ધામ બદ્રિનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની યાત્રા પુનઃ શરૂ કરી દેવામાં આવશે.

કુદરતી આપદામાં સૌથી વધુ વિનાશનો ભોગ બનેલા કેદારનાથ ગામ અંગે બહુગુણાનું કહેવું છે કે આ માટે એક વૈકલ્પિક માર્ગ સેનાની મદદ દ્વારા તપાસવામાં આવી રહ્યો છે. આ સિવાય નુકસાન પામેલા કેદારનાથનાં મુળ સ્વરૂપને પાછુ લાવવા માટે પુરા તત્ત્વ તથા ભુગર્ભ વૈજ્ઞાનિકોની મદદ લેવાનું કાર્ય શરૂ કરી દેવાયું છે.

## એસિડને હવે ઝેરના વર્ગમાં મૂકવામાં આવશે : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી,તા. ૧૬

દેશભરમાં એસિડ હુમલાઓને રોકવાની દિશામાં એક મોટુ પગલુ લઈને કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટ સમક્ષ કેટલીક ધારદાર રજુઆતો કરી હતી સાથે સાથે એક અહેવાલ પણ રજુ કર્યો હતો જેમાં સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓની વાત કરવામાં આવી છે. એસિડના ખુલ્લા બજારમાં એસિડના વેચાણ પર પ્રતિબંધ મુકવાની દિશામાં પણ પગલા લેવામાં આવ્યા છે. એસિડને હવે ઝેરના વર્ગમાં રાખવામાં આવશે. દેશભરમાં છેલ્લા થોડાક દિવસોમાં અનેક એસિડ હુમલાઓ થઈ ચુક્યા છે. જેને લઈને સુપ્રીમ કોર્ટે હાલમાં જ લાલઆંખ કરી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કેન્દ્ર સરકારે ઝડપથી આગળ વધીને સુપ્રીમ કોર્ટ સમક્ષ એક મુસદ્દા અહેવાલ રજુ કર્યો છે. આ મુસદ્દા અહેવાલમાં એસિડ હુમલાઓથી ગ્રસ્ત લોકોને પુનઃ વસવાટની પણ વાત કરવામાં આવી છે. આ અહેવાલ મુજબ કેન્દ્રસરકારે હવે એસિડને ઝેરના વર્ગમાં કારવાનો નિર્ણય કર્યો છે. હવે આ મામલામાં બે દિવસ બાદ ફરી એકવાર સુનાવણી થશે. આ ઉપરાંત એસિડના વેચાણ માટે હવે લાઈસન્સ જરૂરી રહેશે.



એસિડની ખરીદી કરનાર માટે ઓળખપત્ર પણ આપવા પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે એસિડ હુમલાને લઈને સુપ્રીમ કોર્ટ તરફથી સરકારને આજ સુધીની મહેતલ આપવામાં આવી હતી. આ અગાઉ કોર્ટે કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢતા કહ્યુ હતુ કે એક સપ્તાહમાં જવાબ આપવામાં આવે તે જરૂરી છે. કોર્ટે કહ્યુ હતુકે લોકો મોતના મુખમાં જઈ રહ્યા છે અને સરકાર ગંભીર નથી. એક સપ્તાહની અંદર આ અંગે કોઈ નીતિ બનાવવામાં નહીં આવે તો કોર્ટ પોતે આ અંગે કોઈ જરૂરી આદેશ કરશે તેવી ચેતવણી એક સપ્તાહ અગાઉ આપવામાં આવી હતી. જસ્ટિસ આરએમ લોધાની બનેલી બેંચે સરકારના વલણ ઉપર નારાજગી વ્યક્ત કરીને નવમી જુલાઈના દિવસે કહ્યુ હતુ કે એસિડના હુમલાઓથી દરરોજ લોકોના મોત થઈ રહ્યા છે. સરકારે ૧૬મી એપ્રિલના દિવસે ખાતરી આપી હતી પરંતુ કોઈ પગલા લઈ શકાયા ન હતા. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારો સાથે વાતચીત કરીને નીતિ તૈયાર કરવા કેન્દ્ર સરકારને એક સપ્તાહની મહેતલ આપી હતી. આ કેસમાં બે દિવસમાં સુનાવણી હાથ ધરવામાં આવશે.

## ૭ વર્ષ બંધ રહ્યા બાદ મહારાષ્ટ્રમાં ડાન્સબાર ફરીથી ધમધમી ઉઠશે

નવીદિલ્હી, તા. ૧૬

સુપ્રીમ કોર્ટ ડાન્સબાર પર પ્રતિબંધ મુકવા સંબંધી મહારાષ્ટ્ર સરકારનાં નિર્ણયને રદ કરવાનાં મુંબઇ હાઇકોર્ટનાં નિર્ણયને મંગળવારે યથાવત રાખ્યો છે. આ સાથે સાત વર્ષ સુધી બંધ રહ્યા બાદ રાજ્યમાં હવે ફરીથી ડાન્સ બાર ચાલુ થઇ જશે.

મુખ્ય ન્યાયાધીશ અલ્તમસ કબિર અને ન્યામુર્થિ એસ.એસ. નિજ્જરની એક બેન્ચે હાઇકોર્ટનાં આદેશને લાગુ કરવા પર મુકેલા સ્ટે ઓર્ડરને પણ રદ કરી દીધો છે. મહારાષ્ટ્ર સરકારે ૨૦૦૫માં મુંબઇ પોલીસ અધિનિયમમાં



સંશોધન કર્યું હતું જેને રેસ્ટોરન્ટ અને બારનું પ્રતિનિધિત્વ કરનારા એક સંઘે હાઇકોર્ટમાં પડકાર્યો હતો. હાઇકોર્ટે ૨૦૦૬માં સરકારનો આદેશ રદ કરી દીધો હતો. ત્યારબાદ આ જ વર્ષે રાજ્ય સરકારે હાઇકોર્ટનાં આદેશ વિરૂદ્ધ સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી દીધી હતી. સુપ્રીમ કોર્ટે સરકારની અરજીનો સ્વિકાર કરીને હાઇકોર્ટનાં આદેશ પર સ્ટે મુકી દીધો હતો.

રાજ્ય સરકારે પોતાની અરજીમાં સ્વિકાર્યું હતું કે બિયર બારની આડમાં વૈશ્યાવૃત્તિનો ધંધો કરવામાં આવે છે તથા બારમાં અશ્લિલ અને અભદ્ર ડાન્સ પ્રસ્તુત કરાય છે જે સમાજની પ્રતિષ્ઠાની વિરૂદ્ધ છે. સરકારે એમપણ જણાવ્યું હતું કે રાજ્યમાં માત્ર ૩૪૫ ડાન્સ બાર એવ છે જેની પાસે લાયસન્સ છે. જ્યારે ૨૫૦૦ બાર પાસે કોઇપણ પ્રકારનું લાયસન્સ નથી.

આ દરમિયાન ડાન્સ બાર, રેસ્ટોરન્ટ અને બારબાળાઓનું પ્રતિનિધત્વ કરનારા જુદા જુદા સંગઠનોએ દલિલ કરી હતી કે મુંબઇ પોલીસ (સંશોધન) અધિનિયમ, ૨૦૦૫ની પ્રસ્તાવનામાં એમ જણાવવામાં આવ્યું હતું કે લોકોને આનંદ માણવા માટે નૃત્ય પ્રસ્તુત કરવા દેવું સ્વિકાર્ય છે. હાઇકોર્ટે આ સંશોધન અસંવેધાનીક ગણાવીને રદ કરી દીધું હતું. સંગઠનોએ એમપણ જણાવ્યું હતું કે ડાન્સબારમાં ૭૦ હજારથી વધુ મહિલાઓ કામ કરે છે. એમાંની ઘણી મહિલાઓ બેરોજગારી અને આર્થિક તંગીને કારણે પહેલા જ આત્મહત્યા કરી ચુકી છે. ૭૨ ટકા બારબાળા પરિણીત છે. ૬૮ ટકા બારબાળા પરિવારની એકમાત્ર કમાતી વ્યક્તિ છે. આ પરિસ્થિતીમાં રાજ્ય સરકારનાં નિર્ણયે તે તમામને બે રોજગાર બનાવી દીધા છે. હાઇકોર્ટે સરકાનાં આ આદેશને મનસ્વી તથા અસંવેધાનીક કરાર ગણાવતા રદ કરીને યોગ્ય કાર્ય કર્યું છે.

## વેપારીઓની હડતાલના કારણે મહારાષ્ટ્રમાં ધંધા ઠપ

મુંબઈ, તા. ૧૬

મહારાષ્ટ્રના જથ્થાબંધ વહેપારીઓ તથા છૂટક વહેપારીઓ એલબીટી (સ્થાનિક કર)નો આજે હડતાલના બીજા દિવસે પણ વિરોધ કરશે. મહારાષ્ટ્રના વહેપારીઓ દ્વારા એલબીટીના વિરોધમાં હડતાલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત ગઈકાલે થઈ હતી. આજે હડતાલનો બીજો દિવસ છે.

ફેડરેશન એસોસિએશન ઓફ મહારાષ્ટ્રના અધ્યક્ષ મોહન ગુરૂનાની જણાવ્યા અનુસાર મહારાષ્ટ્રના તમામ વહેપારીઓ આ હડતાલમાં ભાગ લઈ રહ્યા હોવાના કારણે મહારાષ્ટ્રમાં વહેપાર કારોબાર બે દિવસ માટે ઠપ્પ થઈ જશે. નોંધનીય છે કે, ઘણીવાર રજુઆત કરવા છતાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા એલબીટીના મુદ્દાનુંનિવારણ લાવવામાં આવ્યું નથી. અને જેને અનુલક્ષીને મહારાષ્ટ્રના વહેપારીઓએ હડતાલ પાડવાનો નિર્ણય કર્યો હતો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે ગયા મહિને વહેપારીઓને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે, એલબીટી બાબતે વિસ્તારપુર્વક ચર્ચા કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે. પરંતુ ચૌહાણ દ્વારા આપવામાં આવેલી મુદ્દતને એક મહિના જેટલો સમય વિતી ગયો હોવા છતાં પણ હાલમાં કોઈપણ પ્રકારની સમિતિની રચના ન કરાતા વેપારીઓએ આખરે હડતાલ પાડવાનો નિર્ણય કર્યો હતો. નોંધનીય છે કે આ એલીબીટી અંગેનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા વિધાનસભાના મોનસુન સત્ર પછી કરવામાં આવશે. જેનો પ્રારંભ આજથી જ કરાશે.

## વર્ષના અંત સુધીમાં નવા આઈટી કાર્યાલય શરૂ કરાશે

નવીદિલ્હી, તા. ૧૬

આયકર વિભાગ દ્વારા હવે પ્રત્યેક જિલ્લામાં એક આયકર ઓફિસ ખોલવામાં આવશે. નોંધનીય છે કે, કેડર પુનઃગઠનના કાર્યક્રમને અનુલક્ષીને તમામ જિલ્લાઓમાં આયકર વિભાગ ઓફિસ શરૂ કરાશે.

હાલમાં અધિકારીઓની મળેલી બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. સીબીડીટીના અધિકારીઓએ આ મુદ્દા ઉપર એક બેઠક આયોજીત કરીને સરકારના હાલના નિર્ણયો લાગુ કરવા માટેની એક યોજના શરૂ કરી છે. અને આ માટે ૨૦૭૫૧ પદોની જરૂરિયાત ઉભી થઈ છે. સીબીડીટીએ આ ફેસલાને લીલી ઝંડી આપી છે. આ વર્ષના અંત સુધીમાં તમામ જિલ્લામાં નવી ઓફિસો શરૂ કરાશે.

આ કારણે ઓફિસવર્કને ખૂબ જ સુંદર રીતે મેનેજ કરી શકાશે. સરકારને આશા છે કે, ૨૫૭૫૬ કરોડનો ટેક્ષ એકત્ર કરવામાં સરળતા પડશે જ્યારે આ ઓફિસ શરૂ કરવાના લીધે ૪૪૯.૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ સરકારે વર્ષ દરમિયાન કરવો પડશે.વર્ષના અંત સુધીમાં તમામ જિલ્લામાં આયકર ઓફિસો શરૂ કરવામાં આવશે.

### Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

'સરોગેટ'નો અર્થ થાય છે. જે કપલને બાળક જોઈએ છે અને જે માટે તેઓ સક્ષમ છે પણ કોઇ કારણોસર સ્ત્રી કે બાળક પોતાનાં ગર્ભાશયમાં ઉછેરી શકતી નથી એવાં કપલને સરોગસી પદ્ધતિનો ફાયદો થઇ શકે છે. એ જ પ્રમાણે સક્ષમ એવો પુરૂષ પણ સ્ત્રી સાથેનાં લૈગિંક સંબંધમાંથી નહીં પણ 'ડોનર એગ' નો ઉપયોગ કરી બાળક ઇચ્છે છે એમને પણ આ પદ્ધતિ ફાયદાકારક છે. 'ટ્રેડીશનલ સરોગસી' અને 'જનરેશનલ સરોગસી' એ સરોગસીના મુખ્ય પ્રકાર છે.

ટ્રેડિશનલ સરોગસીમાં પસંદ કરેલી સ્ત્રીના સ્ત્રી બીજનો ઉપયોગ કરવામાં આવે છે. સરોગેટ સ્ત્રીનાં ગર્ભાશયમાં કુત્રિમ પદ્ધતિથી (લૈગિંક ક્રિયા ન કરતાં) પિતા થનારાં પુરૂષનાં શુક્રાણુ મોકલવામાં આવે છે જેને 'આર્ટીફિશિયલ ઈન્સેમીનેશન' કહેવાય છે. સરોગેટ સ્ત્રીનું સ્ત્રીબીજ અને પિતા બનનારા પુરૂષનાં શુક્રાણુઓનો સંયોગ થતાં ભ્રૂણ તૈયાર થાય છે. ડૉકટરની દેખરેખ હેઠળ સરોગેટ મધરની કાળજી લેવાય છે અને પુરા મહિને સરોગેટ મધર બાળકને જન્મ આપે છે અને એ બાળક પેલાં કપલને સોંપી દે છે... આ કેસમાં બાળકની માતાનો બાળક સાથે કોઇ પણ જેનેટીકલ રીલેશન રહેતું નથી અને સરોગેટ માતા એની બાયોલોજિકલ માતા તરીકે ઓળખાય છે!

જસ્ટેશનલ સરોગસીમાં કપનું આય.વી.એફ. દ્વારા તૈયાર થયેલું ભ્રૂણ સરોગેટ સ્ત્રીનાં ગર્ભાશયમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. બીજી રીતમાં કપલનું સ્ત્રી બીજ અને શુક્રાણુ સરોગેટ સ્ત્રીનાં ફોલોપિયન ટ્યુબમાં નાંખવામાં આવે છે. સરોગેટ સ્ત્રીનું ગર્ભાશય છોકરાનાં ઉછેર અને પોષણ માટે સક્ષમ એવી એક પેટીનું એટલે કે ઉછીના કૂખનું કાર્ય કરે છે. બાળકનાં જન્મ સુધી સરોગેટ સ્ત્રી એની કાળજી લે છે અને પ્રસુતી બાદ કપલને બાળક સોંપી દે છે આ કેસમાં સરોગેટ સ્ત્રીનાં બાળક સાથેનો જેનેટીકલ સંબંધ રહેતો નથી અને સરોગેટ માત્ર બાળકને જન્મ આપવાની સીસ્ટમનો ભાગ બને છે...

આણંદનો પરા વિસ્તાર ગરીબોથી લથબથ છે અને મહિલાઓ પોતાના જાનનાં જોખમે પોતાની કૂખ ભાડે આપે છે. મુખ્યત્વે વિદેશીઓ બાળકોનાં જન્મથી દૂર ભાગે છે અને એટલે ભારતની સ્ત્રીઓને સરોગેટ મધર બનાવી એમની સંતાનો ઉછેરી લે છે. સંતાન પ્રાપ્તિ માટે હવાતિયા મારતાં કપલ માટે સરોગેટ મધર એક શ્રેષ્ઠ વિકલ્પ છે એવું લાગે છે...

**ચૂંટલો :**

શાહરૂખ અને આમીરે તો કદાચ ગૌરી અને કિરણની બ્યૂટી બચાવવા 'સરોગેટ મધર' નો ઉપયોગ કર્યો હશે બાકી ખરેખર નિઃસંતાન કપલ જો 'સરોગેટ મધર'ને અપનાવે તો એમનાં ઘરે તો પારણું બંધાય જ પણ પેલી કૂખ ભાડે આપતી સ્ત્રીનું પણ આર્થિક કલ્યાણ થાય.

## ચિદમ્બરમે પીએમ અને RBIના ગર્વનર સાથે મુલાકાત કરી

નવીદિલ્હી, તા. ૧૬

ડોલર સામે રૂપિયો સતત ઘટી રહ્યો છે. ત્યારે વાણિજ્ય મંત્રી પી. ચિદમ્બરમે ગઈકાલે વડાપ્રધાન મનમોહનસિંહની મુલાકાત કરી હતી. અને ત્યારબાદ તેઓએ આરબીઆઈના ગવર્નર ડી. સુબ્બારાવ સાથે પણ આ અંગેની ચર્ચા કરી હતી.

ચિદમ્બરમે વડાપ્રધાન સાથેની મુલાકાતમાં ડોલર સામે સતત ઘટી રહેલા રૂપિયાની ચર્ચા કરી હતી. ગઈકાલે ડોલર સામે રૂપિયો ૫૯.૮૯ પર બંધ થયો હતો. ડોલરની સરખામણીમાં રૂપિયો છેલ્લા થોડા દિવસ દરમિયાન ૬૧.૨૧ના સ્તર પર પહોંચ્યો હતો. ચિદમ્બરમે વડાપ્રધાનને પોતાની હાલમાં થયેલી વોશિંગ્ટનની મુલાકાત વિશે જણાવ્યું હતું કે, તેઓએ ભારતમાં વિદેશી મૂડીરોકાણ માટે અમેરિકનોને પહેલ કરી છે.

નોંધનીય છે કે, ચિદમ્બરમે ડનહોનેમાં વિવિધ આતરરાષ્ટ્રીય કંપનીઓના પ્રમુખો સાથે ચર્ચા કરી હતી. બાદમાં પી. ચિદમ્બરમ દ્વારા



રિઝર્વ બેંકના ગર્વનર સુબ્બારાવની સાથે પણ બેઠક કરવામાં આવી હતી. ત્યારબાદ ચિદમ્બરમ કેટલાક વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ મુલાકાત કરી હતી. ચિદમ્બરમ અને સુબ્બારાવની બેઠક બાદ સુબ્બારાવે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ભારતનો રૂપિયો ડોલર સામે તૂટી રહ્યો છે. તે બાબતે ખૂબ જ ગંભીર છે. અને અગામી સમયમાં દેશ પોતાની નાણાવિષયક નીતિઓમાં ફેરફાર કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આરબીઆઈ માટે રૂપિયાની કિંમતમાં થઈ રહેલો ઘટાડો તે ચિંતાનો વિષય છે. જૂનમાં મુદ્રાસ્પિતી વધીને ૪.૮૬ થઈ ગઈ હતી. જે અગાઉ ૪.૭ હતી.નોંધનીય છે કે, ભારતની આર્થિક પરિસ્થિતિ મજબુત બનાવાવ માટે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું ખૂબ જ જરૂરી છે. અને આ માટે ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે વ્યાજના દરમાં ઘટાડો કરવા અંગેની પણ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જે તા. ૩૦ જુલાઈના રોજ યોજાશે અને આ બેઠક દરમિયાન મોનીટરી પોલીસીનું મૂલ્યાંકન કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર સુબ્બારાવે વાણિજ્ય મંત્રાલયના અધિકારીઓ સાથે રૂપિયામાં સતત થયેલા ઘટાડા બાબતે ચર્ચા કરી હતી. અને સાથે સાથે દેશની નબળી પડી રહેલી આર્થિક બાબતોની પણ ચર્ચા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સુબ્બારાવે વધુમાં જણાવ્યું હતું કે, તેઓ આ અઠવાડિયામાં યોજાવા જઈ રહેલી દ્વિપક્ષીય દેશોની એક બેઠકના મુદ્દા પર ચર્ચા કરવા માટે અહીં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, વાણિજય મંત્રાલય અને સુબ્બારાવની બેઠક લગભગ એક કલાક સુધી ચાલી હતી. નોંધનીય છે કે, પી. ચિદમ્બરમ્ જી-૨૦ દેશોના વાણિજ્ય મંત્રી અને કેન્દ્રિય બેંકના ગર્વનરો મોસ્કોમાં થવા જઈ રહેલી બેઠકમાં ભાગ લેવાના છે. આ બેઠક તા. ૧૯/૨૦ જુલાઈના રોજ યોજાવાની છે.

## ગારમેન્ટ નિકાસમાં ૧૧ ટકાનો નોંધપાત્ર વધારો

નવી દિલ્હી,તા.૧૬

દેશની ગારમેન્ટ નિકાસમાં ૧૧ ટકા સુધીનો વધારો નોંધાયો છે. આની સાથે જ નિકાસ વધીને ૩.૫ અબજ ડૉલરની સપાટીએ પહોંચી ગઈ છે. સ્થાનિક નિકાસકારો હવે નવા બજારો ઉપર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. લેટીન અમેરિકા અને એશિયાના મોટાભાગના બજારોમાં હિસ્સેદારી સ્થાનિક નિકાસકારોની વધી રહી છે. અમેરિકા અને યુરોપમાં માંગમાં ઘટાડો નોંધાયા બાદ નિકાસને પ્રતિકૂળ અસર થઈ છે છતાં ગારમેન્ટની નિકાસ અકંદરે ૧૧ ટકા વધીને ૩.૫ અબજ ડૉલર સુધી પહોંચી છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ગારમેન્ટની નિકાસમાં ૬ ટકાનો ઘટાડો થયો હતો.સરકારે તાજેતરમાં જ નિકાસને પ્રોત્સાહન આપવા માટે અન્ય ઘણા બધા પગલાં લીધા છે.

## બોધગયા બ્લાસ્ટમાં શકમંદના બે સ્કેચ જારી કરવામાં આવ્યા

પટણા,તા. ૧૬

બોધગયા બ્લાસ્ટના મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. આના ભાગરૂપે હવે નેશનલ ઈન્વેસ્ટીગેસન એજન્સી (એનઆઈએ) દ્વારા બોધગયા સિરિયલ બોમ્બ બ્લાસ્ટના સંબંધમાં સીસીટીવી ફોટાઓ અને સાક્ષીઓના નિવેદનના આધાર પર એક શકમંદના બે સ્કેચ જારી કર્યા છે. એનઆઈએ દ્વારા જારી કરવામાં આવેલા બે સ્કેચમાં આ શકમંદ એકમાં બુરખામાં અને બીજામાં સ્પષ્ટપણે નજરે પડી રહ્યો છે. સાતમી જુલાઈના દિવસે બોધગયાના મહાબોધી મંદિરમાં થયેલા સિરિયલ બ્લાસ્ટ પહેલા શકમંદને નિહાળવાની વાત કરનાર ત્રણ સાક્ષીઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી વિગતના આધાર પર આ સ્કેચ એનઆઈએ દ્વારા જારી કરાયા છે. સીસી ટીવી ફોટાઓમાંથી એકત્રિત કરવામાં આવેલી માહિતીનો ઉપયોગ પણ આ સ્કેચ તૈયાર કરવામાં આવ્યો છે. સૂત્રોનું કહેવું છે કે સાક્ષીઓમાં તપાસને હેતુથી નામ ગુપ્ત રાખવામાં આવશે. આ સાક્ષીઓમાં બે વિદેશી અને એક સ્થાનિક છે. વિદેશી સાક્ષીમાં એક શ્રીલંકન અને થાઈલેન્ડનો નાગરિક છે જ્યારે ત્રીજો સ્થાનિક ગયાનો નિવાસી છે. એક શકમંદ બૌદ્ધ સંત તરીકે આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે જે સાતમી જુલાઈના દિવસે વહેલી પરોઢે ૩.૩૦ વાગ્યાથી ૪.૩૦ વાગ્યાની આસપાસ મંદિર સંકુલ પાસે શંકાસ્પદરીતે ફરી રહ્યો હતો. એનઆઈએ દ્વારા સીસીટીવી ફોટાઓ પણ જારી કરવામાં આવ્યા છે જેમાં શકમંદ અંગે માહિતીની વાત કરવામાં આવી છે. એજન્સીએ બ્લાસ્ટના શકમંદ અંગે માહિતી આપનારને છ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાતમી જુલાઈના દિવસે બોધગયાના મહાબોધી મંદિર સંકુલમાં ૧૦ બ્લાસ્ટ થયા હતા જેમાં બેને ઈજા થઈ હતી. જો કે સંકુલ વિસ્તારને ભારે નુકસાન થયુ હતુ. મહાબોધી મંદિર સંકુલની અંદર ચાર બ્લાસ્ટ થયા હતા જ્યારે બાકીના બ્લાસ્ટ બોધગયમાં અન્યત્ર થયા હતા. ત્રણ જીવતા બોમ્બ પણ મળી આવ્યા હતા આ બોમ્બ સુરક્ષા સંસ્થાઓ દ્વારા નિષ્ક્રિય કરી દેવામાં આવ્ય હતા.

## સમાચાર ઝલક

- ♥ નિવૃત્ત છતાં ફીક્સ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને મુસાફરી-રોકાણ ભથ્થુ મળશે.
- ♥ રાત્રે ૧૦ થી ૪ રેલ્વે ટિકીક બુકીંગ સેવા બંધ.
- ♥ સી.બી.આઇ/આઇ.બી.ના વિવાદથી દેશની સુરક્ષા જોખમમાં.
- ♥ હિમાચલમાં મહાભૂંકપની દહેશત.
- ♥ આધારકાર્ડથી અમેરિકા-કેનેડાની વિઝા પ્રક્રિયા ઝડપી બનશે.
- ♥ નર્મદા ડેમ ઓવરફલો થવાની તૈયારી, દર કલાકે વધતી સપાટી.
- ♥ ગુજરાત હાઇકોર્ટનો શકવર્તી ચુકાદો, મિલકતનો કબજો લેવા માલિક કાયદો હાથમાં લઇ શકે નહિ.
- ♥ ગુડગાંવમાં 'સેક્સ એન્ડ સ્મોક' રેવ પાર્ટીમાં શાળાનાં ૧૦૦ વિધાર્થીઓ ઝડપાયા.
- ♥ જયલલિતાની ઇડલી પછી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની સસ્તા ચીકનની યોજના.
- ♥ અમદાવાદમાં ફરી બાઇકર્સ ગેંગનો આતંક.
- ♥ રમઝાનમાં ખજૂરના વેચાણમાં ભારે ઉછાળો, ૧૦ કરોડની ખજૂર વેપાર.
- ♥ પાકિસ્તાનની ૨૪ મહિલા સૈનિકોએ પેરાશૂટથી કૂદવાનો અભ્યાસક્રમ પૂર્ણ કરી વિક્રમ સર્જ્યો.
- ♥ ચીનમાં અણુ યોજના વિરૂદ્ધ દેખાવો.
- ♥ મધ્યપ્રદેશની સરકારી સ્કૂલોમાં રામદેવના યોગ પુસ્તકો ભણાવશે.
- ♥ રૂપિયો ગગડતાં હીરા ઉધોગ મંદીની ઝપટમાં.
- ♥ બાબરા પંથકમાં કોંગો તાવનો કાળો કહેર, ૨૬ કેસ. આરોગ્યતંત્રમાં દોડધામ.
- ♥ શાળાઓ ખુલ્યાને મહિનો થયો છતાં પાઠ્યપુસ્તકો માટે હજુયે ફાંફાં.
- ♥ માણાવદરમાં ૩૩ ઇંચ વરસાદ છતાં નગરપાલિકાની અણ આવડતથી પાંચ દિવસે પાણી વિતરણ.
- ♥ પાકિસ્તાનના મહાન ક્રિકેટ હનીમ મોહંમદ પિત્તાશયના કેન્સર સામે ઝઝૂમી રહ્યા છે.
- ♥ વિદેશી શિક્ષણ વધુ મોંઘુ થતાં વિદ્યાર્થીઓ ચિંતિત.
- ♥ છેલ્લા બે માસમાં બટાકાનાં ભાવમાં ૮૩ ટકાનો વધારો.
- ♥ ભારત માટે નવી સમસ્યા - ચીન માર્ગેથી બનાવટી નોટો ઘુસાડવાનું નેટવર્ક.
- ♥ દિયોદર સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાંથી પાંચ લાખની ચીલઝડપ કરનાર કિશોર પકડાયો.
- ♥ મહિલાઓ માટે રિલાયન્સનો ખાસ હેલ્થ વીમો.
- ♥ પાંડેસરીની મેડીકલ કોલેજે ૫૭૬ કરોડનું ડોનશન લીધું - સુપ્રીમની ઐસીતૈસી.